# ૫૩૨૮ સંસાર લીલા

રચનાર તથા પ્રગટ કરનાર

નરોતમદાસ દ્વારકાદાસ



સુરત.
“ ધી રાઇઝીંગસ્ટાર ” પ્રીન્ટીંગ પ્રેસમાં
ગંગારામ આત્મારામ પંડીતે છાપી.
સંવત ૧૯૪૯ સને ૧૮૯૩
કીમ્મત બે આના.

# સંસાર લીલા.

## દુનીઆ.

પ્રીય વાંચનાર આ ચોપડીનો હેતુ શુંછે તે તમને ખ-બર નહીં હોય તે. માટે મારે પહેલા તે જાણાવવાની ફરજછે. તો સાંભળો. આ ચોપડી કાઢવાથી લોકોને માલમ પડશેકે દુનીઆ એ શું ચીજછે તથા તેમાં રહેવાથી કેટલા ફાયદા તથા ગેર લાભ થાયછે તે જાણશે. મેં મારી અલ્પ બુદ્ધિથી આ નાનું પુ-સ્તક રચ્યુંછે. હું આશા રાખુંછુંકે સદ્ ગ્રહસ્થો મારાપર મે-રબાની કરીને જે ભુલ હશે તે માફ કરશે.

## દુનીઆ વીશે ભાગ ૧

હે સદ્ ગ્રહસ્થો બાળકો તથા બાળકીઓ આ દુનીઆ એ શુંછે તે તમે જાણતા તો હશો ને નહીંતો સાંભળો આ દુનીઆમાં જે અવતાર લેછે તે માણસ ખરેખર મુસાફર બરો-બરછે કેમકે કોઇ મુંબઇ કોઇ વીલાત કોઇ અમદાવાદ તથા બીજી બધી જગોએ મુસાફરી કરેછે ને અંતે પાછા પોતાને સ્થ-ળે આવેછે તેજ પ્રમાણે આપણે એક મુસાફરીએ આવેલા છીએ તેમાં કોઇ એક દીવસ બે દીવસ પાંચ દીવસ મહીના બા-રસ એ પ્રમાણે જેટલું તેનું આયુષ્ય હોય તે પ્રમાણે આઆ

વેછે એટલે પોતાની મુસાફરી પુરી કરી પોતાને સ્થળે પાછો જા યછે આ ઉપરથી વાંચનારને ખાતરીતો થશેકે દુનીઆમાં અ વતાર લેવો એ એક જાતની મુસાફરી કરવા બરોબરછે. બીજી રીતે જોઇએતો એ એક સ્વપના બરોબરછે, કેમકે માણસને જુદી જુદી જાતના સ્વપના આવેછે તેમાં તે કોઇ વાર રાજા બનેછે ને કોઇ વાર ગરીબ બનેછે ને એવી એવી જાતના ઘણા સ્વપના આવેછે ને પછી સ્વપનામાંથી જાગીને જુએછે તો તે કંઇજ દેખતો નથી તેમજ આ દુનીઆમાં જાત જાતની લીલા છે ને જીવેછે ત્યાસુધી જુએછે ને સ્વપનામાંથી જાગ્યા પછી કંઇ દેખાતું નથી તેમ મુઆ પછી પણ કંઇ દેખાતું નથી દુની આમાં સુખ છે તેમજ દુખછે.

## સુખી

## ભાગ ૨.

આ દુનીઆમાં કોણ સુખીછે તે કોઇને ખબર નથી. મારા અભીપ્રાય પ્રમાણે તો કોઇ સુખી દેખાતો નથી પછી લોક ગમે તેમ તે માને પોતાના મનમાં ગમે તેમ તે ધારે, કોઇ કહેશેકે પૈસાવાળાને લાભછે. પણ તેને ઘણા ગેર લાભ થાયછે. એકતો પોતાનો પૈસો સાચવવાની ફીકરથી બળીને તે પંજર થાયછે. રાત્રે તેને ઉંઘ પણ નીરાંતે આવતી નથી કારણકે તેને ફીકર રહેછે કે રખેને ચોર મારો પૈસો ચોરી જશે, બે

ન્કમાં મુકેતો રખેને બેંન્ક ભાગે તેની ફીકર ઘર વસાવેતો આ
ગમાં બળી જવાની ફીકર. એવી કંઇ કંઇ રીતે ફીકર રહેછે પણ
પૈસા સાચવવો હોયતો મારા અભીપ્રાય પ્રમાણે જમીન લેવી
કે ચોર ચોરી ન જાય ને આગમાં બળી ન જાય. મેં ઘણા એક
બનાવ જોયાછે. પૈસાદારને બધી વાતે સુખ હોય તો પેટે વા
પરનાર છોકરો ન હોય એ મોટું દુઃખછે. પૈસાદારને સારી
સ્થીતીમાં હજારો મીત્ર હોયછે પણ જ્યારે તેની પડતી દશા આ
વેછે ત્યારે કોઇ તેની સોબત કરતું નથી. આ દુનીઆમાં લો
કને પૈસા ઘણો વહાલોછે તે મેળવવા માટે લોક જુઠું બોલી
પરમેશ્વરના ગુનેગાર થાયછે તથા ચોરી કરેછે ને અંતે તે પ
કડાયછે તથા ગમે તે કર્મ કરેછે. દુનીઆમાં પૈસાદાર લોકે એટ
લો તો વિચાર રાખવોકે આપણે કંઇ લાવ્યા નથી ને કંઇ લ
ઇ જવાના નથી માટે જેમ બને તેમ ઇશ્વર ભજન, સેવા પુજા
તથા તાપી તીરથ કરવા પણ તે કરવામાં એટલી વાત ધ્યાનમાં
રાખવીકે તે વખતે આપણું કોઇ છેજ નહીં ને ફકત ઇશ્વ
રને ધ્યાનમાં ( મનમાં ) રાખીને કરવું. ( તથા દાનત સારૂ
રાખવી તથા કોઇ પણ વેપાર રોજગારમાં સાચાઇથી વરતવું )
કહેવત છેકે **"સત્યમેવ જયતે"** અંતે સતેની ફતેછે
અને અંગ્રેજીમાં કહેવતછેકે There is no religion hig-
her than truth (ધેર ઇઝ નો રીલીજીયનહાયર ધેન ટ્રુથ) કેટલાક

માણસ લોકને બતાવવાને સાધુ થઈ જાયછે ને લોક કહેછેકે કેવો ધર્મીષ્ટ માણસછે, પણ તેના મનમાં તો પરમેસ્વર જાણે કેટલા કપટ હશે તે મનમતો એમ ધારેકે કોઇ છોકરું ઘરેણું પહેરીને જતું હોયતો તેને મારી નાંખીને તેની પાસેથી ઘરેણું લઇ લઉં એઉપરથી ગુજરાતીમાં કહેવત છેકે "મુખમે રામ, બગલમે છુરી, ભગત બરા, પણ દાનત બુરી" એટલે આબો હાડો રામ રામ કરે ખાશી મોટી સો સવાસો મનકાની માળા હાથમાં ધારણ કરે તથા દીલે ભભુતી પણ પણ ચોળે પણ મનમાં તો કપટ રૂપી છુરી એવી રાખેકે કોઇ માણસ તેને કંઇ પણ દાગીના યા રૂપીઆ સહીત મળેતો તેને ભાગ્યેજ છોડે. એ બધા શેના ચીન્હ કહેવાય એબધા હાડકા ભાંગીને હરામ નું ખાવાના લક્ષણ કહેવાય સાધુ તો કોણ કે જે એકાંત જગ્યા જંગલ જેવી હોય ત્યાં પોતે એકલો જાય ને ત્યાં જપ તપ કરે. શા સારૂ સાધુ નથી થયા અસલના વખતમાં કઇ કઇ સાધુ થઇ ગયા, અસલના વખતમાં શોભરી નામે સાધુ થઇ ગયા, એ એક મોટા રૂષી હતા એ હમેશ જમના નદીના ઘાટઉપર બે સી પોતાની સંધ્યા પુજા કરતા ને પાણીમાં મચ્છના ખેલ જોઇ પોતાનું મન ખુશી કરતા તેમાંના એકઉપર એની બહુ મમ તા હતી તેને એક વખત એક ગરૂડ આવીતેને ખાઇ ગયો તેથી તે રૂષીએ ગોચે ભરાઇ તેને શ્રાપ દીધો..

# દુખી

## ભાગ ૩.

આ દુનીઆમાં કેટલાક માણસ એવા છેકે જેને રોજ મેળવવાનું કાંઈ પણ સાધન નથી હોતું તે બીચારા રખડી રખડીને આખો દહાડો થાકેને સાંજ પડેને ઘેર જાય પણ તે દીવસના રોટલા ખરચ જેટલું પણ લઇ જતા નથી. ને એવા ગરીબને ઘેર પાંચ સાત છોકરા હોય, તે બીચારા તે બંધાનું ક્યાંથી પોષણ કરે અંતે તે કંટાળી જાયછે ને વખતે કોઇ તેવા હોયતો આપઘાટ કરેછે કોઇ ઝેર ખાયછે કોઇ દુખી મરેછે. ને કોઇ તો એવું સમજે છેકે દુનીઆમાં કાંઇ સાર નથી એમ સમજીને સાધુ થઈ જાયછે ને પોતાના બૈરાં છોકરાંને રઝળાવી નાંખેછે, એવા માણસોને ધીક્કારછે એ વાત ઉપરથી એમ સાબીત થાય છેકે આ દુનીઆમાં સુખી તથા દુખી બંને ને દુખછે કેમકે જેની પાસે પૈસા હોય તેને સાચવવાની ફીકર રહેછે ને જેની પાસે ન હાય તેને પોતાના બૈરા છોકરાનું પોષણ કરવાની ફીકર રહેછે હવે બીજું જુઓ હાલમાં હીંદુઓમાં કેવા ધારાછેકે મરે ત્યારે વરો કરવો પડે પરણે ત્યારે શ્રીમંત આવે ત્યારે અથવા બીજું કાઈપણ ટાણું આવે ત્યારે ખરચ કરવો પડેછે હુવે તો ગરીબ હોય ને આવા ખરચ આવે ત્યારે શું કરે, તે વખતે તો આબરૂ સાચવવા માટે કોઇને ઘેરથી વ્યા

જે લાવે ને ધમ ધોક્કાર ખરચ કરે, પણ પાછળ શું થશે તેની તે વખતે ફીકર હોતી નથી. બધુ ધામ ધુમથી કર્યું હવે પેલો દેવાદાર આવે ને રોજ તેની ફજેતી કરે. પણ બીચારાને પેટના ફાંફાં હોય તો તેને ક્યાંથી આપે. અંતે તે ધણી ફરીઆદી કરે સરકાર અપતો બાંધે પણ ભરાય નહીં ને અંતે જપતી આવે ને ઘરમાં જે પાંચ પચાશનો માલ હોય તે લઇ જાય હવે આ કેવું દુઃખ આથી તે પછી કેવું દુખ ને પૈસાદાર હોય તે તો એટલો ખરચ ન કરે કારણકે તેને એમ આશા રહેછે કે મારી પાસે પૈસાછે એટલે મારી આબરૂછે. ને ગરીબ તો બીચારો આબરૂનો માર્યો કરે. પણ એમાં તે શું કરે હીંદુઓનો રીવાજ પડયો ત્યાં માટે ભાઇઓ જોતા જાઓ એ પણ એક દુનીઆની લીલાછે.

## આ દુનીઆમાં હીંદુઓથી પૈસા કેમ પેદા થતો નથી તેનું શું કારણ.

તેનું કારણ એછેકે હીંદુઓ અદેખા તથા દ્વેષ બુદ્ધીના હોયછે, બીજું હીંદુઓમાં કોઇ જાતનો કીસબ નથી હાલને સમે અંગ્રેજમાં તથા બીજા લોકમાં પૈસો મળેછે તેનું કારણ કે એ કતો કીસબવાળા હોયછે ને બીજું કે તે લોક ગમે તે ધંધો કરે તથા ગમે ત્યાં જાય ને હીંદુ તો એક નાતરૂપી કોટમાં ઘેરાઇ

ગયાછે જેમ એક રાજાની આસપાસ લશ્કર વીંટલઇ જાય ને કોઇ પણ જગ્યાએથી નાસવાનો માર્ગ રહેતો નથી તેમ હીંદુ એક નાતરૂપી કોટમાં ઘેરાઇ ગયાછે તેથી કોઇ પણ જગ્યાએ નાશી જવાતું નથી હાલ યુરોપીયન જેવી હુન્નરવાળી પ્રજા છે તેવી બીજી કોઇ પણ પ્રજા નથી વીલાતના લોક કંઇ કંઇ જાતના સાંચા બનાવેછે કંઇ કંઇ જાતની દીવાસળી બનાવેછે ધારો કે હીંદુમા એટલી સત્તા છેકે કોઇ એક ટાંકણી પણ બનવી શકેછે જ્યારે વીલાયતના લોક ત્યાંથી ટાંકણી મોકલે તો હીંદુ પાઘડી પહેરે ને નહીંતો બેસી રહે. જુઓ એક જુજ જેવી ચીજ તે પણ આપણાથી ન થઇ શકે ને તે અહીંઆ કેટલી સસ્તી વેચાયછે. તેનો વીચાર કરો, હવે એમાં તે લોકની મહેનત શું તેનો નફો શું તે લોક મોકલે તેનું ભાડું શું ને અહીંના લોક વેચે તેનો નફો શું. ને હાલ એક પઇની વખતે બે વખતે પાંચ ને વખતે સાત પણ મળેછે. એમાં તે લોકને ફાયદો શું તે લોકો પૈસા કેટલો પેદા કરેછે. આપણે અહીંઆ જે હાડકાં થાયછે, તેને આપણે અડકતા નથી તે હાડકાંવીલાયત મોકલવામાં આવે છે તે ત્યાં સાફ કરવામાં આવેછે પછી તેના ચપ્પુ તથા બીજી ચીજો બનાવેછે. હવે ચપ્પુના હાથા કેવા સરસ બનેછે તેનો તેને શું ખરચ પડેછે. જો તેને એક ચપ્પુના હાથમાં જાય એટલા હાડકાના તેને બે કે ત્રણ આના પડે. ને પછી આપણી

પાસે વખતે આઠ આના દસ આના બાર આના ને વખતે લાગશે તો એક રૂપીઆ કીમત લેછે. જુઓકે એક ચપ્પુમાં તેને એટલો ફાયદો થાયતો પછી એવા તો તે લોકો હજારો ચપ્પુ દેશાવર ખાતે મોકલેછે ત્યારે જુઓકે તે લોકની કમાણી કેટલી બધી.

## લોકને બોલવાની રીત.

હીંદુ લોકને જરાજરા વારમાં ગાળ દેવાની ઘણી ટેવ હોયછે તેવીજ રીતે કોઇ સારા માણસની ઉપમા પણ ઘણી આપેછે, તેઓ પોતે જે ગાળ દેછે તેના અર્થ સમજતા નથી તથા સારા માણસની ઉપમા આપેછે પણ તે કોણ હશે તેતો તેને ખબરજ નહીં મળે, જુઓ ઘારોકે હીંદુ બાયડીઓ કોઇની જોડે લડે તો કહેશેકે તુંતો કુબજાછે હવે કુબજા કોણ હતી તે તેને જો પુછવામાં આવેતો તેનાથી તેનો જવાબ નહીં અપાય કુબજા કોણ તે સાંભળો.

કુબજા એ મથુરાના રાજા કંસની દાસી, દસરથ રાજાની સ્ત્રી કૈકેયીની મથરાં નામે એક દાસી હતી તે દાસી રામઉપર બહુ દ્વેષ બુદ્ધી રાખતી એક વાર રામ દાતણ કરતા હતા ને મંથરા કચરો કાઢતી હતી મંથરાએ રામને ન ઘટે એવા વેણ કહયા રામને ક્રોધ ચઢવાથી તે બોલ્યોકે શું કરવા લડેછે કુબજા. એમ કહેતાંજ તેનું શરીર કાળુ કુબડુ પડી ગયું પછી

તેણીએ ઘણા કાલાવાલા કીધા ત્યારે રામે કહ્યું કે દ્વાપરમાં તું
મથુરા ગામમાં જન્મ લેશે. આવીજ કુબડીને નામે કુબજા
હું કૃષ્ણાવતાર ધરી કંસને મારવા મથુરા આવીસ ત્યારે તારૂં
સુંદર રૂપ કરી તને સુખ આપીશ. પછી કૃષ્ણ મથુરા ગયા ત્યારે
કુબજા કંસને માટે ચંદન લઇ જતી હતી એવે કૃષ્ણ મળ્યા
તેને ચંદનથી પુંજી પગે લાગી. કૃષ્ણે તેનુ અસલ રૂપ
આપ્યું ને પોતે પોતાનું રામાઅવતારનું વચન પાળ્યું.
હવે એવીજ રીતે સારા માણસની ઉપમા આપેછે હવે તેનો
તેઓ અર્થ સમજતા નથી તેમજ તે કોણ હશે તેપણ તેમને
માલમ નથી હોતું એના દાખલા તરીકે જુઓકે કોઇ સ્ત્રી પો
તાની છોકરી યા વહુ કામ ન કરતી હોયતો કહેશે કે તું મીરા
બાઇની માફક બેસી રહે હવે મીરાં બાઈ કોણ હશે તેતો પ
રમેશ્વરને માલમ. મીરા બાઇ કોણ તે સાંભળો મીરા એ મા
રવાડમાં મેડતા ગામના જેમલ રાઠોડની દીકરી ને મેડાણો કું
ભો રાણો જેણે સંવત ૧૪૭૫ થી તે ૧૫૨૫ સુધી રાજ કર્યું
તેની સ્ત્રી એનો બાપ વીષ્ણુ ભક્ત હતો તેથી મીરાનુ મન
પણ તેપર લાગ્યું એનો ધણી શીવ માર્ગી હતો તેથી બંનેન
બન્યું નહીં ત્યારે તે સ્ત્રી જુદી રહી, અને સાધુસાથે હોવતી
ઘણી હતી ( ઉપર લખેલામાંનો એક દાખલોકે તે વાંચનારની
ખ્યાર કરશે સાધુની વાત વાંચો ) તે કારણથી રાણાએ [illegible]માં

આવી એક ઝેરનું પ્યાલું તે રાણીને મોકલ્યું રાણીએ કૃષ્ણને બતાવીને પીધું પણ તેને કંઈ થયું નહીં એમ કહેવાયછે રાજા ઘણો મગરૂબી હતો તેથી તેણે મેવાડ છોડી ગુજરાતમાં આવી દ્વારકા તથા ગોકુળ મથુરાની જાત્રા કરી પાછી દ્વારકામા આવી મુકામ કર્યો એ આખા હીંદુસ્તાનમાં પ્રખ્યાતછે એને હીંદી ભાષામાં ઘણી એક કવીતા બનાવીછે એની કવીતા ઘણી રસ ભરેલીછે વળી વચમાં વચમાં વીરાગનો ભાષ પણ પડેછે. વાણી ઘણીજ કોમળ સુંદર તથા મધુરછે. ગુજરાતી ભાષામાં પહેલી કવીતા રચનાર મીરાબાઈજછે.

આ લોકોને સમજવામાટે સારા નરસાનો દાખલો આપીસમજાવ્યુંછે. લોકોએ કોઈ પણ ઉચ્ચાર કરતાં પહેલા વીચાર કરવોકે આ સારૂં છેકે નરતુ એ બાબત અંગ્રેજીમાં કહેવત છેકે ( Think before You speak એટલે તમે બોલો તે પહેલા વીચાર કરો ) એ પ્રમાણે ઘણી ઘણી ગાળો દેછે.

કોઈ માણસ પોતાની સ્રીને કહેશે " રંડ " હવે વીચાર કરેતો એમાં તેનેજ ગાળછે કેમકે પોતે મરે ત્યારે તે રાંડીરાંડ બને કેની. જુઓ હવે એ ખરૂં છે કે ખોટું, બાપ પોતાના છોકરાને કહેશે " સાળા " " સસરા " જુઓ એ કેવું વીપરીતછે જ્યારે છોકરો તેનો સાળો કે સસરો બને ત્યારે કેવું ખરાબ લાગે.

## આ દુનીઆ છોડતી વખતની વાત

હવે દુનીઆમાં જન્મ લીધો સારી યા નઠારી નામના કીધી. ધર્મ કીધો તો ઠીક ને નહીંતો આવ્યા તેવા ચાલ્યા મરતી વખતે કોઈ કોઈનું છે સૌ ઘણું થાયતો ૩ ફુટેને વળી ઘણું તો નાકાસુધી વળાવા આવે ને મરદ બાળવા આવે. એ વીશે ગુજરાતી ત્રીજી-કે ચોથીચોપડીમાં કવીતાછે તે તોસૌ કોઈએ વાંચી હશે કે આ જીવમાં જીવછે ત્યાંસુધી બાપ કહેશેકે મારો દીકરો બેન હેશેકે મારો ભાઈ કાકો કહેશે મારો ભત્રીજો મામો કહેશે મારો ભાણેજ પાણ જ્યાં આ જીવ ગયોકે કોઈ કોઈનું નહીં હું કોણને તું કોણ કાં તેના બૈરા છોકરા હોય તોપણ કંઈ તે સાથે આવેછે.

**મરતાં મરતાં આ છલ્લા પ્રણામ સૌ કોઈને કરવા.**

નગર તુમારા રખો મુસાફર, ચલો બતન અપને,
બોલા ચાલા માફ કરો, કછુ આન મીલે સ્વપને.
હમે પછી પરદેશ મુલકકે શેલાની
બસી તુમારે ગામ નગર, જબ લગથા દાના પાણી,
કછુયાદ મત રખીઓ દીલમે, જહાંતક જીંદગાની.
ભલે હોતકે બુરેહો, માયા રખીઓ મહેરબાની
આજ કાલ ચલ ઉડતા કામદ; મન લગા જીવન તપને
બોલા ચાલા માફ કરો, કછુ આન મીલે સ્વપને

નગર તુમારા રહો મુસાફર, ચલો વતન અપને
ઇશ દુનીઆ દરમ્યાન બાનદાર, નહીં કોઇ રહેવાશી
આજ ચલે કોઇ કાલ મુસાફર, સબકે પરદેશી
લીલાફુલ જોબનકા જાના, અબ નહીં ખીલનેકા
અબ મીલના તૈયાર, પીછે હમ નહીં મીલનેકા
સાથી હમારા ચલા ફજર, ઉઠ હમબી ચલનેકે
વતન હમારા દુર, પીછે હમ નહીં મીલનેકે
કહાં ગોકુળ કહાં મથુરા નગરી, કહાં બીંદ્રાબીન કાશી
ઘરે ઘરે આફુકાર, સારી આલમ હે પરદેશી
વાંકરના કછુ ધ્યાન ધરમ સંગ ચલો પંથ અપને, નગર તુમારા
પરદેશીકી પ્રીત સબી. ઝુઠ કછુ કામકી
મેના મેરી પરતાઇ ગેથી, મોબત ગમકી
કછુ યાદમન ગર્યાંઓ, દીલમેં હુવા મલામશો
કોઇ નહીંબા કરજોડ. નીત મન આઓજો ઉદાસા
અનુ લોકમે આયે પ્રાણી સબી લગે આપને
જાના ચાકા નાકે પેગ, કછુ આના મીલે અપને
નગર તુમારા રહો મુસાફર, ચલો વતન અપને.

સમાપ્ત.

## યુરોપીયનોમાં સ્વપનાની તાસીર માનવામાં આવેછે તેના દાખલા.

ગધેડા, અગર જો કોઇ મરદ સ્વપનામાં ગધેડાને જોયતો તેણે સમજવું કે જે દુખોમાં તે વીંટલાયલો હોય તે દુખોમાં ધીરજ રાખવાથી તે સહીસલામત બહાર પડશે અને તેનો છેડો સારો આવશે અગર જો કોઇ કુંવારી સ્ત્રી ગધેડા સ્વપનામાં દેખેતો તો તેણીએ એમ સમજવું કે તેણીને સંતોખી ને સુખી ભરથાર મળશે.

ઊંદરો, આપણે સ્વપનામાં જો ઊંદરો જોઈએતો એમ જાણવું કે આપણા દુસ્મનો ઘણાછે જો તેઓ આપણાપર હુમલો કરે ને જો આપણે તેને મારી કહાડીએ તો આપણી મુસ્કેલીનો અંત આવસે એમ સમજવું અગર જો તેઓ આપણને કરડે કે નસાડી મુકેતો તે આપણાપર એક આફત આવવાનીછે એમ ચેતાવેછે.

મરણ પામેલો દોસ્તદાર, જો સ્વપનમાં આપણે આપણા કોઈ દોસ્તદારને મરણ પામેલો જોઇએ તો કાંઇ સારી ખબર મળવાની આશા રહેછે.

પરી. જો કોઇ કુમારીકા સ્વપનામાં પરીને જોયતો તેણીએ જાણવું કે તેણીને એક સારો હુશીઆર ભરથાર મળશે.

તથા કાંઈ જાતનો લાભ થશે પુરૂષને તે નુકસાન કારકછે. માટે થોડા દીવસ સુધી તેઓએ કોઇ પણ કામ માથે લેવું નહીં.

અનાજ. સ્વપનામાં જો આપણે કોઇ પણ જાતનો દાણો જોવા આવેતો કાંઇ સારૂં થશે એમ આશા રહેછે.

## જાદુઈ શાસ્ત્ર.

બળી નહીં જાય એવો રૂમાલ, ઇંડાની સફેદી ને ફટકી સાથ મેળવવી અને તે મેળવણી એક રૂમાલસાથે લગાડવી તૈયાર થયા પછી તે રૂમાલને મીઠાના પાણીમાં ભીનો કરવો અને પછી તેને સળગાવવો રૂમાલ સળગશે ખરો પણ બળશે નહીં.

નાચતી વીંટી. એક પોકળ વીંટી લઇ તેમાં કાણું પાડી અંદર પારો નાંખવો અને કાણું પાછું મીનથી અથવા એવીજ કોઇ ચીજથી બંધ કરી લેવું આ પ્રમાણે કર્યા પછી તે વીંટીને તાપ દેખાડવો અને ગરમ થયા બાદ તેને ટેબલપર મેળ વાથી જ્યાંસુધી અંદરનો પારો થંડો થશે ત્યાંસુધી વીંટી નાચશે.

## રમુજી શાસ્ત્ર.

એક માગનાર અને દેવાદાર—એક માગનારે પોતાના દેવાદારને કહ્યું કે " આટલા રૂપીયાને માટે હું તમારે ત્યાં કેટ લા ધક્કા ખાયા કરૂં ? " પેલા દેવાદારે જવાબ દીધો મારા " પ્યારા સાહેબ તમારે ગમેતો તમેએ હવે મારે ત્યાં પધાર

વાની તસદી લેવી નહીં અને અગરજો તમે પધારશો તો તેમાં હું કાંઇ અપમાન માની લઇશ નહીં

## એક વાણીઓ ને જોશી.

એક વાણીઓ એક વખત માંદો થયો હતો ને તેની અસરથી કાંઈ બહેરો થયો હશે ત્યારે તે પાળો લઇને પોતાને ઘેર જતો હશે હવે પેલા જોશીએ તેને કહ્યું હશેકે હમણાતારે માથે કાળ ચંદરમાંછે માટે તારે ત્રણ દીવસ બહાર જવું નહી પણ ભાઇને પાળો લેવા ગયા વગર ચાલ્યું નહીં ને બહારતો નીકળ્યો હવે નીકળ્યો ત્યારે તેને ચાર ચોર મળ્યા તેઓએ તેને લુટવા માંડ્યો એટલામાં સીપાઇનો છોકરો છોડવવા આવ્યો પેલા વાણીઆએ ધાર્યુંકે છોકરો પણ મને લુટવા આવ્યો તેથી તેના દીલપર ચઢીને બેઠો ને તેનો જીવ લીધો. ચાર ચોરને રસ્તે થયા. એટલામાં છોકરાનો બાપ આવ્યો ને પેલા વાણીઆને પકડયો ને માર્યો ને પછી ફરીઆદ માંડી હવે પેલા વાણીઓ જોશીને ઘેર ગયો ને કહ્યુંકે મનેતો ચોરોએ લુટી લીધો મારાથી એક સીપાઇનો છોકરો મરણ પામ્યો ને છોકરાના બાપે મને માર્યો ને ફરીઆદી માંડીછે જોશીએ કહ્યુંકે મેં તને શું કહ્યું હતુંકે તું ત્રણ દીવસ બહાર નીકળતો નહીં પછી વાણીઆએ જોશીને પુછયુંકે હવે મારા દીવસ કેવાછે ત્યારે જોશી પોતાના હા

અમાં પોતાની છોકરી હતી તે મુકી બહાર પંચાગ લેવા ગયો એટલામાં વાણીઆએ ધાર્યું કે આ બેસવાને માટે આસનછે એમ ધારીને બેઠો એટલે છોકરીની ઉમર નાહાનહતી તેથી તે મરી ગઇ જોશીએ કહ્યું કે અરે વાણીઆ તેં તો મારી છોકરીને પણ મારી નાંખી વાણીઓ કહેકે અરે ભુલ થઇ. હવે તેને પણ ફરીયાદ માંડી દરબારમાં વાણીઆને બોલાવવામાં આવ્યો ત્યાં આવીને રાજાને તેને એક આંગળી બતાવી તોપણ રાજા તેનાપર ગુસ્સે હોય એમ દેખાયું ત્યારે તેને બે આગળી બતાવી હવે વાંચનાર વિચારમાં પડશેકે આંગળી તે શું તે એછેકે તે દેશમાં એવો ધારો હતોકે રાજા અમીર કોઇ ગુસ્સે થાય ત્યારે એક આંગળી બતાવે એટલે રાજા વીચારેકે એક લાખ રૂપીઆ મળશે હવે એનેતો બે આંગળી બતાવી હતી ત્યારે રાજાએ ધાર્યુંકે બે લાખ રૂપીઆ મળશે તેથી ગમે તેમકરીને રાજાએ વાણીઆના લાભમાં કેસનો અંત આણ્યો પછી રાજાએ કહ્યું કે વાણીઆ લાવ બે લાખ રૂપીઆ ત્યારે વાણીઆએ કહ્યું કે મેં તો એક આંગળી બતાવી એટલે એમ કહ્યું કે ઇશ્વર એકછે ને બે બતાવી એટલે એમકે હમારા બેનો ઇનસાફ બરોબર કરજે રાજા કહેકે મનેપણ તેં છેતર્યો હું કોઇથી ન છેતરાવું ને આજ તારાથી છેતરાયો. અને તેથી રાજા ખુશી થયો ને તેને ઉલટા ઇનામમાં બે લાખ રૂપીઆ આપ્યા.